BUSINESS Mix Plus

ઈરાન યુદ્ધ પણ ભારત માટે કોવિડ રોગચાળા જેટલું જ હાનિકારક પુરવાર થઈ શકે છે

ભારતીય અધિકારીઓનું કહેવું છે કે ઈરાન યુદ્ધ દેશ માટે એટલું જ વિક્ષોભકારક હોઈ શકે છે જેટલું છ વર્ષ પહેલાં કોવિડ મહામારી હતી અને તેનું નુકસાન આગામી વર્ષો સુધી ચાલુ રહી શકે છે, જે વિશ્વના સૌથી ઝડપથી વિકસતા મુખ્ય અર્થતંત્રને તેના માર્ગ પરથી ભટકાવવાનો ભય સર્જી રહ્યું છે.

સરકાર હવે ગેસની અછત અને તેલના વધતા બિલોથી પ્રભાવિત વ્યવસાયો અને ગ્રાહકોને રક્ષણ આપવા માટે તેની કોવિડ સમયની વ્યૂહરચનાનો ઉપયોગ કરી રહી છે. નવી દિલ્હીમાં આ પરિસ્થિતિના સંચાલન સાથે સીધી રીતે સંકળાયેલા અધિકારીઓએ, ચર્ચાઓ ખાનગી હોવાને કારણે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, આવા એક ઉપાય તરીકે નાના અને મધ્યમ કદની પેઢીઓ અને ક્ષેત્રો માટે રૂ. 2-2.5 ટ્રિલિયનની ક્રેડિટ ગેરંટી યોજના હોઈ શકે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉર્જા આયાત પર ભારતની નિર્ભરતા તે વિશ્વનો ત્રીજો સૌથી મોટો તેલ વપરાશકાર છે અને તેના ગેસનો લગભગ 90 ટકા હિસ્સો પશ્ચિમ એશિયામાંથી મેળવે છે, ઈરાન યુદ્ધને

નાણા મંત્રાલયે અનેક સંભવિત પરિસ્થિતિઓનો નકશો તૈયાર કર્યો છે, જેમાં એક એવી ધારણા છે કે ક્રૂડ ઓઈલના ભાવ આખા વર્ષ માટે સરેરાશ 120 ડોલર પ્રતિ બેરલ રહેશે. આ સંકટમાં ભારતને તેના વૃદ્ધિના માર્ગ પરથી નીચે પાડવાની ક્ષમતા છે. જો કે સરકાર માર્ચ 2027 સુધીના નાણાકીય વર્ષ માટે તેના 6.8% થી 7.2% ના અંદાજને વળગી રહી છે, પરંતુ કેટલાક અર્થશાસ્ત્રીઓએ પહેલાથી જ તેમના અંદાજો ઘટાડવાનું શરૂ કરી દીધું છે. ગોલ્ડમેન સાક્સ ગ્રુપ 2026 માટે 5.9% ની આગાહી કરે છે, જ્યારે ઓક્સફોર્ડ ઇકોનોમિક્સ 6.2% ની અપેક્ષા રાખે છે. નીતિ નિર્ધારકો ભારતનો સંભવિત વિકાસ દર 7-7.5% જુએ છે, જેમાં વારંવાર આવતા આંચકાઓ વિના 8% સુધી પહોંચવાની તક છે, જે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આર્થિક એજન્ડાને પહોંચી વળવા માટે જરૂરી ન્યૂનતમ માળખાગતને બદલે ચક્રીય દેખાય છે, પરંતુ જો ઊંચા ઉર્જા ખર્ચ, સબસિડીનું દબાણ અને વિલંબિત ખાનગી મૂડી ખર્ચ ચાલુ રહેશે, તો કેટલીક ચક્રીય ક્ષતિ સંભવિત વૃદ્ધિમાં પણ અવરોધરૂપ બની શકે છે.

સરકારે પંપ પર કિંમતો સ્થિર રાખવામાં મદદ કરવા માટે ડીઝલ અને પેટ્રોલ પરના ટેક્સમાં ઘટાડો કર્યો છે અને પશ્ચિમ એશિયાના પ્રદેશમાં નિકાસ કરતા નિકાસકારોને રાહત પેકેજ પૂરું પાડ્યું છે. તેણે વૈશ્વિક આંચકાઓને શોષવામાં અર્થતંત્રને મદદ કરવા માટે 6.2 બિલિયન ડોલરનું આર્થિક સ્થિરતા ભંડોળ પણ અલગ રાખ્યું છે. નાના વ્યવસાયો માટે અત્યારે વિચારણા હેઠળનો પ્રસ્તાવિત લોન પ્રોગ્રામ મે 2020માં મહામારી દરમિયાન શરૂ કરાયેલા પ્રોગ્રામ જેવો જ હશે અને પેઢીઓને તરલતાની તંગીનો સામનો કરવામાં મદદ કરવા માટે 100% ગેરંટીવાળી અને કોલેટરલ-ફ્રી (જામીનગીરી વગરની) લોન ઓફર કરશે.

મહામારી દરમિયાન, જ્યારે સરકારે પ્રોત્સાહન પેકેજ રજૂ કર્યું ત્યારે 2020-21માં રાજકોષીય ખાધ તીવ્રપણે વધીને જીડીપીના 9.5% થઈ ગઈ હતી. સરકાર અને આરબીઆઈ તરફથી સંયુક્ત

ઈકોનોમી ઈન્સાઈડર

સહાય કુલ 29.87 ટ્રિલિયન રૂપિયા, અથવા જીડીપીના લગભગ 15% હતી, જેમાં લોન ચુકવણી મોરેટોરિયમ, કોર્પોરેટ ટેક્સમાં કાપ અને સ્થળાંતરિત કામદારો માટે મફત અનાજ જેવા પગલાં સામેલ હતા.

ચાલુ નાણાકીય વર્ષ માટે, નાણામંત્રી નિર્મલા સીતારમણે 4.3%ની રાજકોષીય ખાધનું લક્ષ્ય રાખ્યું હતું, પરંતુ સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડના અનુભૂતિ સહાય જેવા અર્થશાસ્ત્રીઓ અપેક્ષા રાખે છે કે તેલના ઊંચા ભાવને શોષી લીધા પછી તે 0.7 થી 0.9 ટકા વધીને જીડીપીના 5% થી વધુ હોઈ શકે છે. ઓક્સફોર્ડ ઇકોનોમિક્સના અર્થશાસ્ત્રી એલેક્ઝાન્ડ્રા હર્મને જણાવ્યું હતું કે, રૂપિયો, ઘરગથ્થુ ખરીદશક્તિ, ગલ્ફ રેમિટન્સ (વિદેશથી આવતા નાણાં), રાજકોષીય અવકાશ અને ખાનગી રોકાણ સહિતના અનેક માર્ગો એકસાથે દબાણ હેઠળ છે. તેણીએ કહ્યું, આ નબળાઈ અસામાન્ય રીતે વ્યાપક છે. અત્યારે આ આંચકો ઉપર જશે.

જો લડાઈ જલ્દી સમાપ્ત થાય તો પણ, લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ(LPG) સહિતના ઉર્જા ઉત્પાદનોના પુરવઠાને સામાન્ય થવામાં વર્ષો લાગી શકે છે કારણ કે અખાતી દેશોએ ક્ષતિગ્રસ્ત સુવિધાઓનું સમારકામ કરવું પડશે

છ વર્ષ પહેલાંની કોવિડ મહામારી જેટલું જ વિક્ષેપકારક બનાવી શકે છે. તેઓએ એમ પણ કહ્યું કે જો લડાઇ જલ્દી સમાપ્ત થાય તો પણ, લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ(LPG) સહિતના ઉર્જા ઉત્પાદનોના પુરવઠાને સામાન્ય થવામાં વર્ષો લાગી શકે છે કારણ કે અખાતી દેશોએ ક્ષતિગ્રસ્ત સુવિધાઓનું સમારકામ કરવું પડશે.

ગલ્ફ યુધ્ધવિરામનો મામલો અધ્ધરતાલ- એગ્રીકોમોડિટીઝમાં ગર્ભિત તેજી

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યોજેલી પ્રેસ વાર્તામાં ફરી એક વાર ટ્રમ્પ પર હુમલાનો પ્રયાસ નાકામ નાવાયો હતો. ટ્રમ્પે શાસનની ધૂરા સંભાળી પછી આવો ત્રીજો બનાવ છે. પહેલા બનાવમાં જૂલાઇ ૨૦૨૪માં ટ્રમ્પ બાલબાલ બચ્યા હતા. ગોળી કાનની નજીકથી પસાર થઇ ગઇ હતી. બીજો બનાવ ગત વરસે મારીઆ લાગો એમના રિસોર્ટમાં નોંધાયો હતો પણ એ વખતે ટ્રમ્પ ઘણા દૂર હતા. તાજેતરના પ્રયાસમાં કેલિફોર્નીયાના નિવાસી પાસેથી એકથી વધારે હથીયાર જપ્ત કરાયા હતા. સુરક્ષાકર્મી પર ગોળીબાર થયા હતા પણ બુલેટપ્રુફ જેકેટને કારણે કોઇ ઇજા થઇ નહોતી. વોશિંગ્ટનમાં હોટેલ હિલ્ટનમાં આયોજીત પ્રેસવાર્તા ખોરવાઇ હતી, હવે ફરી યોજાશે એવા અહેવાલો છે. જોગાનુજોગ આ જ હોટેલમાં ૧૯૮૧માં તતકાલિન અમેરિકી પ્રમુખ રોનાલ્ડ રિગન પર ગોળીબાર થયો હતો. એમને ઇજા થઇ હતી પણ જીવ બચી ગયો હતો. ટ્રમ્પ ઉપર હુમલાનો પ્રયાસ ફરી એકવાર નાકામ રહ્યો છે. અણીચૂકયો સો વરસ જીવે એ ઉકતિ સાવ સાચી ઠરી છે.

દરમિયાન ઇરાન-અમેરિકા વચ્ચે યુધ્ધવિરામના સેકન્ડ રાઉન્ડમાં ઇરાનના વિદેશમંત્રી અગરાચી અમેરિકી પ્રતિનિધી મંડળને મળ્યા વીના જતા રહ્યા હતા. અમેરિકી પ્રતિનીધિ મંડળ પહોચ્યું હતું કે નહી એ મામલે કોઇ સામાચાર નથી. ટ્રમ્પે યુદ્ધવિરામને અચોકકસ મુદત માટે લંબાવ્યા પછી પણ નેવલ બ્લોકેડ હટાવ્યું નથી. ઇરાને હોરમુઝ ખોલ્યું નથી. શનિવારે ઇઝરાયેલ હીઝબોલ્લા વચ્ચેનો યુધ્ધવિરામ પડી ભાંગ્યાના એંધાણ મળે છે. આખોયે ઘટનાક્રમ ફેસ સેવીંગ ફોર્મ્યુલામાં પલટાઇ ગયો હોય એમ લાગે છે. ક્રુડઓઇલ પુરેપુરી વોરબેટિંગ માર્કેટ બની ચૂકી છે. ઇન્સાઇડર ટ્રેડિંગ મામલે અમેરિકી કોમોડીટી રેગ્યુલેટર સીએફટીસી તપાસ કરી રહ્યું છે પણ અંતે તો કુલડીમાં ગોળ ભાંગયા જેવું જ થશે

બિરેન વકીલ

એવું અત્યાર સુધીના અનુભવો કહે છે. ઇરાનમાં વોર સેન્ટિટીવ ટ્વિટના થોડા જ સમય પહેલા મોટા સોદા, વારંવાર જોવાતા આવા સોદા કોઇ જોગાનુજોગ ન હોય. હવામાં ઓકસિજન હોય એ મહેસુસ થાય પણ દેખાય નહી, ઇન્સાઇડર ટ્રેડિંગ પણ મહેસુસ થાય, દેખાય નહી.

શેરબજારોની વાત કરીએ તો આઇટી શેરોમાં પરિણામો અપેક્ષાથી ઘણા કમજોર રહેતા નિફટી, આઇટી ઇન્ડેકસ, અને સેન્સકસ તૂટયા હતા. આઇટી શેરોમાં કમજોર ગાઇડન્સ વચ્ચે ઘોધમાર વેચવાલીએ એચસીએલ વીકમાં ૧૬.૬ ટકા, ઇન્ફોસીસ ૧૨.૪ ટકા, ટેક મહીન્દ્રા ૧૦ ટકા અને ટીસીએસ ૭.૨ ટકા તૂટયા હતા.

નિફટીમાં વેચવાલી, આઇટી શેરોમાં કડાકો, ટ્રમ્પ પર હુમલાનો પ્રયાસ ફરી એક વાર નાકામ

કોફોર્જ, એમફાસીસ જેવા મીડ કેપ આઇટી શેરો પણ તૂટયા હતા.

ક્રુડઓઇલ ૧૮ ટકા વધતા અને રૂપિયો ૯૩.૩૦થી ઘટીને ૯૪.૨૫ થતા અને અપેક્ષાથી નબળા ચોમાસાની આશંકા વચ્ચે માનસ થોડુ નર્વસ છે. નિફટીમાં એફએમસીજી, અને એનર્જી શેરો બ્રાઇટ છે. એફઆઇઆઇની વેચવાલી સામે સ્થાનીક એસઆઇપી રિટેલ ફ્લો ઘણો સારો છે. નજીકના મેક્રોપોલીસી સ્ટેબીલીટી અત્યારે સારી છે, યુધ્ધવિરામ અને ક્રુડમાં ભાવ ફરી ૭૦-૮૦ ડોલરઆવે તો મોટી અપસાઇડ આવી શકે. ક્રુડ સતત ૧૦૦-૧૨૦ ડોલર આસપાસ ટકી જાય, યુધ્ધ તનાવ યથાવત રહે, વૈશ્વિક કોમોડિટી બજારોમાં તેજી રહે તો ઉંચો ફુગાવો, ચાલુ ખાતાની ખાધમાં વધારો અને અલ નીનોની ભીતિ સાચી પડે તો મંદીનો ડર વાસ્તિવકતામાં પલટાઇ શકે. હાલ ભરેલા નાળીયેર જેવી સ્થિતી છે.

અમેરિકી બજારોમાં બુધવારે ફેડની બેઠકમાં વ્યાજદર યથાવત રહી શકે છે. ફેડના ગાઇડન્સ બજારની નજર છે. મે માસમાં પોવેલનો ચેરમેન તરીકે કાર્યકાળ પુરો થાય છે પણ ફેડ ગવર્નર તરીકે એમની મુદત ૨૦૨૮માં પુરી થાય છે. એમની સામે કાનૂની તપાસ ચાલુ છે, જ્યાં સુધી તપાસ પુરી ન થાય ત્યા સુધી નવા ચેરમેન કેવીન વોર્શને સ્વિકૃતી ન આપવી એ મામલે બેન્કિંગ કમીટીના ચેરમેન થોમસ ટીલીસ પ્રતિબધ્ધ છે. વોશિંગ્ટન વહીવટીતંત્ર, ન્યાયવિભાગ, ફેડ વચ્ચે આંતરીક મતભેદો દેખાય છે. ટેરિફથી માંડી ઇરાન-ગાઝા વોર જેવા મામલે ટ્રમ્પને કોઇનો સાથ નથી મળતો. અમેરિકામાં ફ્યુચુલ, ખાતરના ભાવો અસહ્ય વધતા મધ્યમવર્ગ અને ખેડુતો પરેશાન છે. નવેમ્બરમાં મધ્યસત્ર ચૂંટણી છે, ટ્રમ્પનું એપ્રુવલ રેટિંગ સતત તૂટતું જાય છે. શેરબજારમાં ઘટી ઘટીને બાઉન્સ આવે છે. એઆઇ હાઇપનો ટેકો મળે છે પણ તેજીમાં જોમ નથી દેખાતું. અમેરિકામાં ફેડરલ દેવું ૩૯ ટ્રિલિયન ડોલર થઇ ગયું છે. જેવાની લિમિટ ૪૧ ટ્રિલિયન નજીક છે. વારંવાર દેવાની સિલિંગ વધારવી પડે છે. પાછલા ૫૦ વરસોમાં ૭૮ વાર દેવાની સિલિંગ વધારાઇ છે.

અમેરીકી બજારો માટે ડેટા હેવી- બીગ ઇવેન્ટફુલ વીક આવ્યું છે. ફેડની મિટિંગ ઉપરાંત બીગ ટેક કંપનીઓમાં મેટા, માઇક્રોસોફ્ટ,ગુગલ આલ્ફાબેટ, એમેઝોનના પરિણામો આવશે. ટેસ્લાના પરિણામો વન ટાઇમ ઇન્વેન્ટરી કલીઅરિન્સને કારણે થોડા બેટર દેખાયા છે. એપલના પરિણામો શુક્રવારે બજાર બંધ થયા પછી આવશે.

પંડિતોની નજર ફેડના પીસીઇ ઇન્ડેકસ પર રહેશે. ફેડ ફુગાવો-વ્યાજદર મામલે પીસીઇ ઇન્ડેકસ પર વધારે ભાર આપે છે.

કોમોડિટીઝ બજારોમાં સોનાચાંદી-મેટલ્સમાં સાંકડી વધઘટે વચ્ચે રિકવરી બાઉન્સ આવ્યો છે. હોરમુઝ- અલ નીનો-અમેરીકી નેવલ બ્લોકેડ જેવા કારણોસર જહાજી નૂરભાડા વધ્યા છે. અમેરિકામાં ૭૦ ટકા વિસ્તારમાં દુકાળ છે. ખાતર-ડિઝલના ભાવો વધતા ઘઉ-મકાઇ-કોટનના વાવેતરો ઘટી શકે, જૂવાર, ઘાસચારો, કઠોળ ખેડુતો માટે પ્રાયોરીટી બની શકે. રાયડો-એરંડા- કપાસમાં આગામી ચોમાસુ મોટું સ્વિંગ ફેકટર છે.

જ્યારે શેરબજારમાં ઘટાડો થાય ત્યારે આપણે કેમ ગભરાઈ જઈએ છીએ?

‘૨૦ કાણકારની મુખ્ય સમસ્યા અને તેનો સૌથી મોટો દુશ્મન પણ તે પોતે જ હોવાની શક્યતા છે.’ બેન્જામિન ગ્રેહામ

આપણે પોતાને તાર્કિક રોકાણકાર માનીએ છીએ, જે ગણતરીપૂર્વક ચાલનારા, લાંબા ગાળાના અને શિસ્તબદ્ધ હોય છે. પરંતુ જે ક્ષણે નિફ્ટી કે સેન્સેક્સમાં મોટો ઘટાડો (લાલ રંગ) દેખાય છે, ત્યારે બધું બદલાઈ જાય છે. તમારા હૃદયના ધબકારા વધી જાય છે, હથેળીમાં પરસેવો વળે છે અને તેમાં Sell બટન ઇમરજન્સી એક્ઝિટ જેવું લાગવા માંડે છે. જો તમે ક્યારેય બજારના ઘટાડા દરમિયાન ચાલતી SIP બંધ કરવાની ઇચ્છા અનુભવી હોય, તો ચિંતા કરશો નહી, તમે એકલા નથી. આપણે કેમ ગભરાઈ જઈએ છીએ તેની પાછળનું રસપ્રદ મનોવિજ્ઞાન અને જ્યારે અન્ય લોકો ગભરાતા હોય ત્યારે કેવી રીતે શાંત રહેવું તે અહીં આપ્યું છે:

૧. નફાના આનંદ કરતાં નુકસાનની પીડા વધુ પ્રબળ લાગે છે

બિહેવિયરલ ઇકોનોમિક્સમાં, આને ‘લોસ એવર્ઝન’ તરીકે ઓળખવામાં આવે છે. અભ્યાસો દર્શાવે છે કે પૈસા ગુમાવવાની માનસિક પીડા એ સમાન રકમ મેળવવાના આનંદ કરતાં બમણી શક્તિશાળી હોય છે. જ્યારે તમારું પોર્ટફોલિયો ૧૦% ઘટે છે, ત્યારે તમારું મગજ તેને NAV માં કામચલાઉ ઘટાડો તરીકે જોતું નથી. તે શારીરિક જોખમ જેવી જ પ્રતિક્રિયા આપે છે. તમારા અર્ધજાગ્રત મન માટે, ઘટતું બજાર આર્થિક ફેરફાર જેવું ઓછું અને શિકારી દ્વારા પીછો કરવામાં આવતો હોય તેવું વધુ લાગે છે. આથી જ ઘણા રોકાણકારો તર્કને બદલે ભાવનાઓના વશમાં આવીને ખોટા સમયે બહાર નીકળી જાય છે.

૨. ‘રિસેન્સી બાયસ’ની જાળ

મનુષ્ય તરીકે, આપણે તાજેતરની માહિતીને વધુ મહત્વ આપવા માટે ટેવાયેલા છીએ. જ્યારે બજારો મહિનાઓ સુધી વધતા રહે છે, ત્યારે આપણે અજેય અનુભવીએ છીએ. પરંતુ જે ક્ષણે ઘટાડો આવે છે, આપણું મગજ આપણને એવું માનવા માટે છેતરે છે કે આ ઘટાડો કાયમ ચાલુ રહેશે. આપણે ૧૦ વર્ષની વૃદ્ધિના માર્ગને ભૂલી જઈએ છીએ અને માત્ર છેલ્લા ૧૦ દિવસ પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ. આ જ કારણ છે કે રોકાણકારો ઘણીવાર બજારના તળિયે વેચાણ કરે છે – બરાબર એ જ સમયે જ્યારે તેમણે

સદીઓ સુધી, અસ્તિત્વ ટકાવી રાખવાનો આધાર સમૂહ સાથે રહેવા પર હતો. જો તમારી આસપાસના દરેક લોકો દોડતા હોય, તો તમે પણ જોખમ સાચું છે કે નહીં તે પૂછ્યા વગર

અભ્યાસો દર્શાવે છે કે પૈસા ગુમાવવાની માનસિક પીડા એ સમાન રકમ મેળવવાના આનંદ કરતાં બમણી શક્તિશાળી હોય છે, જો તમે ક્યારેય બજારના ઘટાડા દરમિયાન ચાલતી SIP બંધ કરવાની ઇચ્છા અનુભવી હોય, તો ચિંતા કરશો નહી, તમે એકલા નથી

વધુ ખરીદી કરવી જોઇએ.

‘ટૂંકા ગાળામાં બજાર એ વોટિંગ મશીન (લોકપ્રિયતા માપવાનું સાધન) છે, પણ લાંબા ગાળામાં તે વેઇંગ મશીન (વજન માપવાનું સાધન) છે.’ – બેન્જામિન ગ્રેહામ

૩. સોશિયલ પ્રૂફ (ટોળાશાહી માનસિકતા)

દોડવા માંડો છો. આજે, તે સમૂહ એ વોટ્સએપ ફોરવર્ડ્સ, સમાચારની હેડલાઇન્સ અને રોજિંદી વાતચીતનું નવું સ્વરૂપ લીધું છે. જે ક્ષણે એવી ચર્ચા શરૂ થાય છે કે બજારની તેજી પૂરી થઈ ગઈ છે, ત્યારે સ્વાભાવિક રીતે જ નુકસાન કરીને પણ ટોળાની પાછળ સલામત જગ્યાએ જવાની વૃત્તિ જાગે છે. આવા અભિપ્રાયો અને અવાજો સતત મળતા રહેવાથી એવું લાગે છે કે કંઈક ગંભીર રીતે ખોટું થઈ રહ્યું છે – જ્યારે હકીકતમાં તે બજારનો એક સામાન્ય તબક્કો હોઈ શકે છે.

‘જ્યારે બીજા લોકો લોભી હોય ત્યારે ડરતા રહો, અને જ્યારે બીજા ડરતા હોય ત્યારે લોભી બનો.’ – વોરેન બફેટ

તમારા પોર્ટફોલિયોને ગભરાટ-મુક્ત કેવી રીતે બનાવવો

તમારા ડર પાછળનું શા માટે સમજવું એ અડધી જીત છે; બાકીની અડધી જીત તેને નિયંત્રિત કરવાની સિસ્ટમ હોવી તે છે. જ્યારે બજાર લાલ નિશાન બતાવે છે, ત્યારે તમારું પ્રાથમિક કામ બજારને હરાવવાનું નથી પરંતુ તમારા પોતાના વ્યવહારને મેનેજ કરવાનું છે. જ્યારે દુનિયાનો અંત આવી રહ્યો હોય તેવું લાગે ત્યારે તાર્કિક રહેવા માટેનો આ તમારો પ્લાન છે:

વેલ્થ ક્રિએશન

N J ઈન્ડિયા ઈન્વેસ્ટ પ્રા. લિ.

● દૂરનું વિચારીને તમારા રોકાણના હેતુ ને ફરી તપાસો: વેચવાનું બટન દબાવતા પહેલા પોતાને પૂછો: શું મેં જે કારણથી રોકાણ શરૂ કર્યું હતું તે બદલાઈ ગયું છે, કે માત્ર કિંમત બદલાઈ છે?. જો તમારો ઉદ્દેશ્ય નિવૃત્તિ હોય જે ૧૫ વર્ષ દૂર છે અથવા બાળકના શિક્ષણ માટે ૧૦ વર્ષનો સમય છે, તો ૧૦ દિવસનો બજારનો ઘટાડો એ લાંબી મુસાફરીમાં માત્ર એક નાનકડી લહેર સમાન છે.

● પસંદગીયુક્ત અજ્ઞાનતા કેળવો: ઘટાડા દરમિયાન દરરોજ તમારું પોર્ટફોલિયો જોવું એ ઘા ને વારંવાર જોવા જેવું છે. તે માત્ર પીડા વધારે છે. વારંવાર મોનિટરિંગ કરવાથી તણાવપૂર્ણ નિર્ણયો લેવાય છે. જો અસ્થિરતા તમને ઊંઘવા ન દેતી હોય, તો એક અઠવાડિયા માટે એપ ડિલીટ કરી દો. તમારી સંપત્તિ શાંતિમાં વધે છે, બજારના અવાજમાં નહીં.

● હિંમતને ઓટોમેટ (સ્વચાલિત) કરો: આ SIP ની છુપી વિશેષતા છે. તે નિર્ણય લેવામાંથી ઇચ્છાશક્તિ ની જરૂરિયાતને દૂર કરે છે. દર મહિને આપોઆપ ખરીદી કરીને, આ સિસ્ટમ તમને કિંમતો ઓછી હોય ત્યારે વધુ યુનિટ્સ અને કિંમતો વધારે હોય ત્યારે ઓછા યુનિટ્સ ખરીદવા માટે મજબૂર કરે છે. તે બજારના ઘટાડાને તમારા ભવિષ્ય માટે ક્લિયરન્સ સેલ માં ફેરવી દે છે.

● ઘટાડાને નવી રીતે જુઓ - ડિસ્કાઉન્ટ તરીકે: રોકાણની દુનિયામાં, તક લાલ રંગ માં સજ્જ હોય છે અને કેશ (ઘટાડા) જેવી દેખાય છે. જો તમારું ઇમરજન્સી ફંડ અકબંધ હોય અને તમારી આર્થિક સ્થિતિ પરવાનગી આપતી હોય, તો ઘટતું બજાર એ તમારી ખરીદીની સરેરાશ કિંમત ઘટાડવાનો શ્રેષ્ઠ સમય છે.

● યોગ્ય માર્ગદર્શન મેળવો: જ્યારે લાગણીઓ હાવી થઈ જાય છે, ત્યારે આપણે આપણો દ્રષ્ટિકોણ ગુમાવી દઈએ છીએ. મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રિબ્યુટર તમારા ગભરાટ માટે સર્કિટ બ્રેકર તરીકે કામ કરે છે. તેઓ ઐતિહાસિક સંદર્ભ અને સંતુલિત દ્રષ્ટિકોણ પૂરો પાડે છે જેથી તમારી મૂડીનું કાયમી નુકસાન થતું અટકાવી શકાય.

● સ્વીકારો કે અસ્થિરતા સામાન્ય છે: અસ્થિરતા એ સિસ્ટમની ખામી નથી; તે તેની વિશેષતા છે. ઐતિહાસિક રીતે, દરેક મોટા બજાર ઘટાડા પછી રિકવરી આવી છે અને બજારે નવી ઊંચાઈ હાંસલ કરી છે. રોકાણ જાળવી રાખવાથી તમે તે રિકવરીનો ભાગ બની શકો છો.

નિષ્કર્ષ

બજારના ઘટાડા દરમિયાન ગભરાટ થવો સ્વાભાવિક છે પરંતુ તે ગભરાટમાં લીધેલા નિર્ણયો મોંઘા સાબિત થઈ શકે છે. બજાર બુદ્ધિની નહીં પણ ધીરજની કસોટી કરે છે. સફળ રોકાણકારો એ નથી જેઓ ડરને ટાળે છે, પરંતુ એ છે જેઓ ડરને તેમના નિર્ણયો પર હાવી થવા દેતા નથી. કારણ કે અંતે, બજારના સુધારા કામચલાઉ હોય છે પરંતુ ભાવનાત્મક નિર્ણયોની અસર કાયમી હોઈ શકે છે. અસ્થિરતા દરમિયાન શાંત રહેવું સહેલું નથી, પરંતુ લાંબા ગાળાની સંપત્તિ બનાવવા માટે તે સૌથી મહત્વપૂર્ણ પગલાંઓ પૈકીનું એક છે.

માર્કેટ વોચ

પશ્ચિમ બંગાળના પરિણામ સુધી બજાર ફંગોળાતું જોવા મળશે

ઇરાન-અમેરિકાવચ્ચેડીલથશેતોબજારમાં તેજી, નહીંતર હજુય ગાબડાં પડશે

ઇરાન અને અમેરિકાની વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં રોજબરોજ નીત નવી ઘટનાઓ આવી રહી છે, પણ જે ઘટનાઓ જોવા મળી રહી છે તેને જોતાં એવું સ્પષ્ટ ચિત્ર ઉપસી રહ્યું છે કે, હવે યુદ્ધ વિરામ લંબાતું રહેશે, ફરીથી યુદ્ધ નહીં થાય. જે પરિસ્થિતિ વણસી રહી છે તે માત્રને માત્ર હોર્મુઝ સ્ટ્રેટ પુરતું સીમિત છે, તેનું સમાધાન આવી જશે તો આ યુદ્ધ પર પુર્ણવિરામ મુકાઇ જશે. જોકે, બીજા તબક્કાની વાટાઘાટોમાં અમેરિકા નમતું જોખી રહ્યા છે અને તેઓ વાટાઘાટો માટે તત્પર છે, તેની સામે ઇરાન અકકડ વલણ અપનાવી રહ્યા હોવાનું દેખાઇ રહ્યું

ગઇ છે. ટીસીએસ, ઇન્ફોસીસ, રિલાયન્સ, એચડીએફસી બેન્ક, આઇસીઆઇસીઆઇ બેન્ક, એકસીસ બેન્ક સહિતની કંપનીઓના પરિણામો આવી ગયા છે. જે અપેક્ષા મુજબના અથવા તો તેનાથી નબળા જોવા મળ્યા છે. જે દર્શાવે છે કે, મોટા ભાગની કંપનીઓના આ કવાર્ટરના પરિણામો નબળા રહેવાની સંભાવના છે. જે નબળા પરિણામોની અસર શેરબજારમાં જોવા મળશે અને વધઘટે સ્ટોક-સેકટર વાઇઝ ઘટતા જોવા મળશે. કેમ કે જીયો પોલીટીકલ ટેન્શનની આ અસર કોર્પોરેટ પર જોવા મળી રહી છે. રિલાયન્સના પરિણામો ઉપર નજર પણ બજારમાં જોવાઇ રહ્યું છે કે, સેન્સેક્સ અને નિફ્ટીમાં ત્રણ દિવસ પડેલા મોટા ગાબડાં સામે સાઇડ માર્કેટ ખાસ રોકડાની ઘણી જાતોમાં તેજીનો વ્યાપક સળવળાટ જોવાયો છે. જાણે કે ફરી ઓપરેટરો, ખેલાડીઓ બજારમાં સક્રિય બની ગયા હોય અને લોકલ ફંડો પણ બજારમાં પાછા આવીને સારા શેરોમાં એક્યુમ્યુલેશન કરવા લાગ્યા હોય એમ તેજી જોવાઇ છે.

પશ્ચિમ બંગાળના પરિણામ સુધી બજાર ફંગોળાતું જોવા મળશે

APPLE CINEMA
★ મલ્ટીપ્લેક્સ બ્રેડ ★ કપલ બ્રેડ ★ વીઆઇપી રીકલાઈનર
ડફ્ફી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm @: @applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્સ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.
કોમેડી હોરર | ગુજરાતી ચિત્ર | એકશન હીટ
ભૂતબંગલા ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૨.૦૦, ૧૨.૩૦, ૧.૦૦, ૨.૦૦, ૩.૦૦, ૩.૩૦, ૪.૦૦, ૫.૦૦, ૬.૦૦, ૭.૦૦, રાત્રે ૮.૦૦, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૦૦
બહેરૂપિયો ૯.૦૦, ૧.૧૫, ૩.૦૦, રાત્રે ૮.૧૦
ધુરંધર-૨ ૯.૦૦, ૧.૩૦, ૪.૦૦, ૫.૦૦, ૫.૪૫, રાત્રે ૯.૩૦,૧૦.૦૦, ૧૧.૦૦
લગન લાગી રે
ગુજરાતી ચિત્ર : ૧૨.૦૦, ૬.૦૦

ફકત રૂા. ૮૦/- થી શરૂ
પ્રિયદર્શન પ્રસ્તુત, કોમેડી ફિલ્મ
ભૂતબંગલા
અક્ષયકુમાર, પરેશ રાવલ, રાજપાલ યાદવ, તબ્બુ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ-બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS
ગોપીતળાવ નવસારી બજાર, સુરત
પ્રિયદર્શનની કોમેડી હોરર ફિલ્મ
ભૂતબંગલા ૯.૪૦, ૧૨.૪૫, ૨.૩૦, ૩.૫૦, ૫.૪૫, ૭.૦૦, રાત્રે ૯.૦૦, ૧૦.૦૫, ૧૦.૩૦
બહેરૂપિયો ગુજરાતી ૭.૩૦
ધુરંધર-૨ ૩.૧૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.